દાખલ તા.
રજી. તા.
ફેંસલ તા. ૧૧/૨/૨૦૨૩
સમયગાળો દિ. મ. વ

# મે. રાજકોટના સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ મ્યુની.જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રીમી. કેસ નં–૫૩૩/૨૦૨૨**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – જીવણભાઈ રમેશભાઈ દઢાણીયા
રહે.રાજકોટ

**ગુનો – ભારતીય દંડ સહિતાની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫મુજબ...**

## –ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઈ.પી.કોડની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુનાઓ કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આજરોજ આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થતા તેને નકલો આપવામા આવેલ હતી આજરોજ આરોપી હાજર થઈ ગુનો કબુલ કરવાનુ જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. જેથી આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. આરોપીએ કરેલ ગુના પૈકી ઇ.પી.કોડની કલમ–૨૬૯ મા છ માસ સુધીની કેદની અથવા દંડ અથવા બંને જોગવાઇ છે, જયારે જી.પી.એકટની કલમ–૧૩૫ વંચાણે લેતા તેમા ૩૭, ૩૯ કે ૪૦ હેઠળ જાહેર થયેલ જાહેરનામાના ભંગ માટે સજાની જાગવાઈ છે અને હાલના કામનમુ નોટીફીકેશન ક્રી.પ્રો.કોડની ક.૧૪૪ અન્વયે કાઢવામા આવેલ છે જેના ભંગ બદલ સજાની જોગવાઈ ક.૧૩૫ મા કરવામા આવેલ નથી. આમ ઇ.પી.કોડની કલમ–૨૬૯ મા કોર્ટને કાયદા ધ્વારા સત્તા આપવામા આવેલ છે કે તે દંડ અથવા સજા અથવા બંને કરી શકે હાલના કામે દંડ કેટલો કરવા તેની મનસુફી કોર્ટ ઉપર છોડલ છે સજા કોર્ટ ઉઠથા સુધીથી લઇ છ માસ સુધી કરી શકાય તેમ છે, જેથી સદર કેસની હકીકત વંચાણે લેતા આરોપીની ઉંમર જોતા તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// **<u>હુકમ</u>** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ ઇ.પી.કોડની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫ના ગુનાઓ કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનાઓ કરવા બદલ કુલ્લે રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે જો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ ન હોય તો વાહનની માલીકીની ખરાઇ કરી તેના માલીકને અપીલ સમય વિત્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૧–૨–૨૦૨૩ ની સ્પે. સીટીંગ મેજી. અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૧–૨–૨૦૨૩ — નેહા રાતુસરીયા

સ્થળઃ રાજકોટ. — સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ, મ્યુની.રાજકોટ.